www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટારીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૦૯ | ૮ ઓક્ટોબર, ૨૦૧૮, સોમવાર; ભાદરવા વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**મીગ-૨૯ અપગ્રેડ કરાયા**

કારગીલ યુદ્ધ દરમ્યાન પાકિસ્તાની સેનાને ધૂળ ચાટતા કરી દેનાર મીગ-૨૯ વિમાનને અપગ્રેડ કરાયા છે. અપગ્રેડ કરાયા બાદ મીગ-૨૯ની ગતિ અને તાકાતમાં બે ગણો વધારો થયો છે.

**થાણેમાં ફૂટઓવર બ્રીજ પડ્યો**

મહારાષ્ટ્રના થાણેમાં વાશી પોલીસનાકાની બહાર એક ઓવરબ્રીજનો હિસ્સો ધસી પડ્યો છે. ત્યારબાદ દોડાદોડ થઈ ગઈ હતી. જો કે હજુ સુધી કોઈ જાનહાનીના સમાચાર નથી મળ્યા.

**પેઈડ ન્યૂઝ પર ચૂંટણી આયોગ કડક બન્યુ**

ચૂંટણી આયોગે પાંચ રાજ્યોમાં યોજાનાર ચૂંટણીની તારીખે જાહેર કર્યા બાદ નિષ્પક્ષ ચૂંટણી માટે આયોગે કમર કસી છે. પેઈડ ન્યૂઝ અંગે હવે પળે પળની વિગતો પર નજર રાખવામાં આવશે. દરેક સ્થળે હવે મોનિટરીંગ સેન્ટરોને સક્રિય બનાવાશે.

**બ્રેટ કાવાનાહ અમેરિકાની સુપ્રિમકોર્ટના જજ બન્યા**

બ્રેટ કાવાનાહે અમેરિકાની સુપ્રિમ કોર્ટના ન્યાયાધીશના રૂપમાં શપથ લીધા છે. ૫૩ વર્ષીય કાવાનાહની નિયુક્તિ પુષ્ટિ સીનેટમાં ૫૦-૪૮ મતોથી થઈ. તેઓએ અમેરિકન સુપ્રિમ કોર્ટના ૧૧૪મા ન્યાયાધીશના રૂપમાં શપથ લીધા છે.

# કાશ્મીરમાં ત્રાસવાદીઓની વધતી સક્રિયતા

**કાશ્મીર ખીણમાં હજુ પણ ૩૦૦થી વધુ ત્રાસવાદીઓ સક્રિય છે : જમ્મુ કાશ્મીરમાં આજથી ચાર ચરણમાં સ્થાનિક ચૂંટણીને લઇને સઘન સુરક્ષા વ્યવસ્થા : અનિચ્છનીય બનાવોને ટાળવા માટે સાવચેતીના પગલાઓ લેવાયા**



શ્રીનગર, તા. ૭

જમ્મુ કાશ્મીરમાં સ્થાનિક ચૂંટણીને રક્તરંજિત બનાવવાની તૈયારી આતંકવાદીઓ દ્વારા કરવામાં આવી હોવાના અહેવાલ મળી રહ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરી કરવા માટે ૨૫૦થી પણ વધારે ત્રાસવાદીઓ સજ્જ થયા છે. સ્થાનિક ચૂંટણીના એક દિવસ પહેલા જ પાકિસ્તાન દ્વારા અંધાધૂંધી ફેલાવવા માટેના કાવતરાનો પર્દાફાશ થયો છે. સેનાના એક અધિકારીએ કહ્યું છે કે, ખીણમાં હજુ પણ ૩૦૦ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે અને આશરે ૨૫૦ ત્રાસવાદી લોંચપેડ પર સરહદ પાર કરવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે. કુપવારાના કેરન સેક્ટરમાં મિડિયા સાથે વાતચીત કરતા લેફ્ટી જનરલ એકે ભટ્ટે કહ્યું છે કે, કાશ્મીર ખીણમાં ૩૦૦થી

પણ વધારે ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. સરહદ પારથી અને એલઓસી નજીક પાકિસ્તાની ટેરર લોંચપેડ પર ૨૫૦ ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. આ ત્રાસવાદીઓ જમ્મુ કાશ્મીરમાં ઘુસણખોરી કરીને આતંકવાદી ગતિવિધિને અંજામ આપી શકે છે. આ અહેવાલ આવ્યા બાદ સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સેનાને એલર્ટ રહેવા માટે કહેવામાં આવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

## નાસાનાં ૩ અંતરિક્ષયાત્રીઓ ૬ માસ બાદ પૃથ્વી પર પરત ફર્યા



વોશિંગ્ટન,તા.૭

અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાનાં ૩ યાત્રીઓ આંતરરાષ્ટ્રીય અંતરિક્ષમાં ૭ માસથી વધુ સમય વિતાવ્યા બાદ સુરક્ષિત ધરતી પર પરત પાછા આવ્યાં છે. અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસાનાં ડ્રીવ ફયૂસ્ટલ અને રિકી અર્નાલ્ડ અને રશિયન અંતરિક્ષ એજન્સી રોસકોસમોસનાં ઓલેગ આર્તેમયેવ ૧૯૭ દિવસ આઈએસએસમાં રહ્યાં. ત્રણેય ગુરૂવારને સ્થાનીય સમયાનુસાર સાંજે પાંચ વાગીને ૪૪ મિનીટ પર કઝાખિસ્તાનનાં ઝેજકજગાનમાં સોયૂજ એમએસ-૦૮ અંતરિક્ષ યાનમાંથી ઉતર્યાં. પોતાનાં અભિયાન દરમ્યાન ત્રણેયની અનેક શોધ સાથે ત્રણ વાર અંતરિક્ષમાં ચહલપહલ પણ કરી. આઈએસએસની લેબનાં ખરા ઓપરેશનને માટે ત્રણેય લોકોએ કામ કર્યું. ફયૂસ્ટલ અને રિકીએ અત્યાધિક ઠંડી ક્વાંટમ ગેસ (જેનું તાપમાન કેલ્વિન સ્કેલ પર શૂન્યથી પણ ઓછું હોય છે)નો પણ અભ્યાસ કર્યો. પોતાનાં ત્રણ અભિયાન દરમ્યાન ફયૂસ્ટલ અંતરિક્ષમાં ૨૨૬ દિવસ વિતાવવા સાથે નવ વખત અંતરિક્ષમાં ચહલપહલ કરી ચૂક્યાં છે.

રિકીએ બે અભિયાનો દરમ્યાન આઈએસએસમાં ૨૦૯ દિવસ વિતાવ્યાં છે. આ દરમ્યાન તેઓએ પાંચ વાર અંતરિક્ષમાં પણ ચહલપહલ કરી. આર્તેમયેવ બે અભિયાન દરમ્યાન ૩૬૬ દિવસ અંતરિક્ષમાં રહી ચૂક્યાં છે.

# વિદેશી રોકાણકારોએ રૂ. ૯૩૦૦ કરોડ પાછા ખેંચ્યા

**માત્ર ચાર દિવસમાં ૯૩૦૦ કરોડ પાછા ખેંચાયા : ગયા મહિને વિદેશી રોકાણકારોએ રૂ. ૨૧,૦૦૦ કરોડથી વધુ રકમ પાછી ખેંચી તા. ૧ થી ૫ ઓક્ટોબર દરમિયાન શેર બજારમાંથી રૂ. ૭,૦૯૪ કરોડ જ્યારે લોન બજારમાંથી રૂ. ૨,૨૬૧ કરોડ પાછા ખેંચ્યા**

ન્યુ દિલ્હી,તા.૭

સતત પાંચ સપ્તાહની મંદી પછી ઘરેલુ શેર બજાર પર આગામી સપ્તાહ વૈશ્વિક ઉથલપાથલની સાથે-સાથે કંપનીઓના ત્રિમાસિક પરિણામો, ભારતીય રૂપિયાની ચાલ, કાચા તેલની કિંમતોમાં ઉતાર-ચઢાવ અને રાજનૈતિક ગરમાગરમીની અસર જોવા મળશે. છેલ્લા પાંચ સપ્તાહમાં બીએસઈનો ૩૦ શેર વાળો સંવેદનશીલ સૂચકાંક સેન્સેક્સ ૪,૦૧૨.૯૩ પોઈન્ટ અને એનએસઈનો નિફ્ટી ૧,૨૭૨.૬૫ અંકની નબળાઈ સાથે બંધ થયા હતા.

વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) દ્વારા ગત ચાર કારોબારીય સત્રોમાં ભારતીય મૂડી બજારોમાંથી રૂ. ૯,૩૦૦ કરોડ (૧.૩ અરબ ડોલર) પાછા ખેંચ્યા છે. એફપીઆઈ દ્વારા રોકાણ પાછુ ખેંચવાનું મુખ્ય કારણ ઓઈલની કિંમતમાં તેજી અને રૂપિયાના વિનિમય દરમાં ઘટાડો રહ્યું હતું. આ અગાઉના મહિને વિદેશી રોકાણકારોએ શેર અને લોન બજારમાંથી રૂ. ૨૧,૦૦૦ કરોડથી વધુ રકમ પાછી ખેંચી હતી. આ અગાઉ જુલાઈ-ઓગષ્ટ દરમિયાન રોકાણકારોએ રૂ. ૭,૪૦૦ કરોડનું ચોક્ખું રોકાણ કર્યું હતું.

ડિપોઝીટરી આંકડાઓ અનુસાર, વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઈ) દ્વારા ૧થી ૫ ઓક્ટોબર દરમિયાન શેર બજારમાંથી રૂ. ૭,૦૯૪ કરોડ પાછા ખેંચ્યા હતા જ્યારે લોન બજારમાંથી રૂ. ૨,૨૬૧ કરોડ પાછા ખેંચી દીધા હતા. આમ, રોકાણકારોએ કુલ રૂ. ૯,૩૫૫ કરોડ પાછા ખેંચ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# મધ્યપ્રદેશમાં રોડ શો દરમિયાન રાહુલ ગાંધીની નજીકમાં આગ લાગતા દોડધામ

જબલપુર,તા.૭

શનિવારે મધ્યપ્રદેશના જબલપુરમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના રોડ શો દરમિયાન કંઈક એવુ થયું કે અચાનક બધા ગભરાઈ ગયા. રાહુલ ગાંધી જ્યારે મિની બસમાં હતા ત્યારે તેમનાથી થોડા જ અંતરે અચાનક આગ લાગી હતી. એકદમ તો કોઈ જ સમજી ન શક્યું કે શું થયું છે.



જોકે, રાહુલ ગાંધીની આરતી ઉતારવા માટે થાળી લાવવામાં આવી હતી. તેની પાસે ગેસ ભરેલા ફુગ્ગા મુકવામાં આવ્યાં હતાં. આરતીની થાળીની આગ જેવી ફુગ્ગા પર લાગી કે તરત જ તે ફૂટવા લાગ્યા અને મોટી આગ લાગી.

આ ઘટનાને રાહુલ ગાંધીની સુરક્ષામાં ચૂક પણ મનાઈ રહી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, 'ધડાકો ખૂબ નાનો અને સામાન્ય હતો.' રોડ શો પહેલાં રાહુલ ગાંધીએ જબલપુરની પાસે ગ્વારી ઘાટ પર નર્મદા પૂજા પણ કરી હતી. રાહુલ ગાંધીની સાથે એમપી કોંગ્રેસના અધ્યક્ષ કમલનાથ અને કોંગ્રેસ નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા પણ હાજર હતા.

શનિવારના દિવસે જ રાહુલ ગાંધી એક દિવસની મધ્યપ્રદેશ મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે મુરૈનામા જનસભાને સંબોધી હતી. આ દરમ્યાન તેમણે પીએમ મોદી પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે હિન્દુસ્તાનમાં ભ્રષ્ટાચાર જમીનમાં થયો છે અને તેનું નુકસાન ખેડૂતો ઉઠાવે છે. તેમણે કહ્યું કે અમે પ્રજાના અધિકારની લડાઈ લડી રહ્યાં છીએ.

## પૃથ્વી-૨ મિસાઈલનું સફળ પરીક્ષણ

ન્યુ દિલ્હી,તા.૭

ભારતે ફરી એકવાર મિસાઈલ ટેક્નોલોજીમાં મોટી સિદ્ધી હાંસલ કરી છે. ભારતે પરમાણુ હથિયારને લઈ જવામાં સક્ષમ પૃથ્વી-૨ મિસાઈલનું ઓડિસાના દરિયા કિનારે સફળ પરીક્ષણ કરવામાં આવ્યુ છે. રક્ષા સૂત્રોના જણાવ્યા પ્રમાણે પૃથ્વી જમીન પરથી જમીન પર વાર કરવામાં સક્ષમ છે.

પૃથ્વી-૨ મિસાઈલ ૩૫૦ કિલોમીટરના વિસ્તારમાં હુમલો કરવામાં સક્ષમ છે. મિલાઈલ પોતાની સાથે ૫૦૦ કિલોથી ૧ હજાર કિલોગ્રામ સુધી યુદ્ધ સામગ્રી લઈ જઈ શકે છે. જેથી પૃથ્વી-૨ મિસાઈલને સામરીક દ્રષ્ટીએ મહત્વની માનવામાં આવે છે.

## પેટ્રોલ ૧૪ પૈસા-ડીઝલ ૩૧ પૈસા વધુ મોંઘુ બન્યું

ન્યુ દિલ્હી,તા.૭

પેટ્રોલ-ડીઝલના ભાવમાં રવિવારે ફરી વધારો નોંધાયો છે. દિલ્હી-મુંબઈમાં પેટ્રોલના ભાવ ૧૪ પૈસા વધ્યાં છે. દિલ્હીમાં પેટ્રોલ ૮૧.૮૨ રૂપિયા અને ડીઝલ ૨૯ પૈસાના વધારાની સાથે ૭૩.૫૩ રૂપિયાએ પહોંચ્યું છે. મુંબઈમાં પેટ્રોલ ૮૭.૨૯ રૂપિયા અને ડીઝલ ૩૧ પૈસા મોંઘુ થઈને ૭૭.૦૬ રૂપિયાએ પહોંચ્યું છે. મુંબઈમાં શનિવારે ડીઝલ ૭૦ પૈસા સસ્તું થયું હતું.

# ક્રૂડની સતત ઉંચી કિંમત વચ્ચે રૂપિયો ૭૫ની સપાટીએ જશે

**ડોલર સામે રૂપિયો અવિરત ઘટતા વિદેશી મૂડીરોકાણકારો દ્વારા નાણાં પાછા ખેંચાયા : વૈશ્વિક ઉથલપાથલ કારણરૂપ**

મુંબઈ, તા. ૭

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા અપનાવામાં આવેલા આશ્ચર્યજનક વલણના પરિણામ સ્વરુપે આવતીકાલથી શરૂ થતાં નવા કારોબારી સેશનમાં રૂપિયો ડોલર સામે ૭૫ની સપાટી સુધી પહોંચી શકે છે. એકબાજુ અમેરિકામાં વ્યાજદર વધી રહ્યા છે. બીજી બાજુ ક્રૂડ ઓઈલની કિંમત સતત વધી રહી છે. આરબીઆઈએ પણ વ્યાજદર યથાવત રાખ્યા છે જેથી ભારતીય રૂપિયા ઉપર આગામી સપ્તાહમાં વધારે દબાણ આવી શકે છે. ઈક્વિટી સેગ્મેન્ટમાંથી ફોરેન ફંડના જારી રહેલા પૈસા ઉપાડવાના પ્રવાહ છતાં વૈશ્વિક માર્કેટમાં ઉથલપાથલની અસર રૂપિયા ઉપર જોવા મળશે જેથી રૂપિયો ૭૫ની નીચી સપાટી સુધી પહોંચી શકે છે. આરબીઆઈ દ્વારા દરમિયાનગીરીની માંગણી કરવામાં આવી રહી છે.

આ નવરાત્રીએ ગાંધીનગર કલ્ચરલ ફોરમના ગરબા નવા-વિશાળ મેદાનમાં..
Main Sponsor
tps The Property Shop



Navratri
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
10 to 19 October 2018
Mega Final : 19 October 2018
7.30 pm Onwards
Associate Sponsor
SAMAJ INFOTECH
નવું સ્થળ : સમર્પણ ગ્રાઉન્ડ, સેન્ટ ઝેવિયર્સ રોડ, સરિતાઉદ્યાન સામે, સેક્ટર-૮, ગાંધીનગર
Co-Sponsors
PARISAR
હરિ GROUP
નિરામય
KALPA-TARU POWER TRANSMISSION
Gujarat Tourism
info city
SIDDHRAJ INFRA PVT LTD.
એ બી જ્વેલ્સ

સ્પે. દિવાળી ડીસ્કાઉન્ટ Air પેકેજ
અમદાવાદ થી જતા-આવતા એર ટીકીટ, સ્ટાર હોટલ, બ્રેક ફાસ્ટ-ડીનર
કોડાઈકેનાલ ઉટી-કુર્ગ-મૈસુર By Air 32500
મદ્રાસ-તિરૂપતી રામેશ્વરમ્-મદુરાઈ By Air 36500
રામેશ્વરમ કન્યાકુમારી-મદુરાઈ By Air 34500
કેરાલા મુન્નાર-થેકડી-ક.કુમારી By Air 32500
સિમલા મનાલી-ચંદીગઢ By Air 24500
નૈનિતાલ કોર્બેટ-હરિદ્વાર-મસુરી By Air 29500
શિવ ટ્રાવેલ્સ સી.જી.રોડ અમદાવાદ 93746 31852 76006 55134

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય